અપીલ અરજી નં.૩૨૨ તા.૧૨–૧ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રાજુભાઈ છોટાલાલ ઠકકર
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)
ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી(શહેર વિકાસ, ટાઉન પ્લાનીંગ)
ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (રેકર્ડ)
કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વર્કશોપ)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રાજુભાઈ છોટાલાલ ઠકકરની તા.૩૦–૧૦–૧૦ ની અરજીથી ઉમરવાડા ટીપી નં.૮ ફા.પ્લોટ નં.૧૫૩ પૈકીવાળી જમીન મુળ માલિક જમાતે સુલેમાની ટ્રસ્ટ તેના લીગલ વહીવટ કર્તા અકસ્માત નિવારણ કેન્દ્ર ધ્વારા કરેલી રજૂઆતોની તમામ અરજીઓ અને સાથે ૬ પાનાનો પત્ર સામેલ છે તેમાં જણાવેલ સંપૂર્ણ માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૨–૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૨૨/૨૦૧૦–૧૧

શ્રી રાજુભાઈ છોટાલાલ ઠકકરની તા.૩૦–૧૦–૧૦ ની અરજીથી ઉમરવાડા ટીપી નં.૮ ફા.પ્લોટ નં.૧૫૩ પૈકીવાળી જમીન મુળ માલિક જમાતે સુલેમાની ટ્રસ્ટ તેના લીગલ વહીવટ કર્તા અકસ્માત નિવારણ કેન્દ્ર ધ્વારા કરેલી રજૂઆતોની તમામ અરજીઓ અને સાથે ૬ પાનાનો પત્ર સામેલ છે તેમાં જણાવેલ સંપૂર્ણ માહિતી આપવા બાબતે મળેલી માહિતીના પ્રતિભાવથી નારાજ થઈ માહિતી અધૂરી અને ખોટી હોવાનું જણાવી એપેલેટ ઓફિસરને તા.૧૨–૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૮૭ તા.૧૮–૧–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી(શહેર વિકાસ, ટાઉન પ્લાનીંગ) , ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (રેકર્ડ), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વર્કશોપ) તથા અરજદારને અપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારીએ લીંબાયતઝોનના તા.૨૩–૧૨–૧૦ થી આપેલ માહિતી બાદ દફતરી તપાસણી કરેલ છે કે કેમ? તે પછી શું નારાજગી છે જે અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી પત્ર નં.ટીપીડી/આ.નં.૪૩૭ તા.૧–૨–૧૧ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં સેન્ટ્રલઝોનમાંથી કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોન, વરાછાઝોન અને ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરવામાં આવેલ તેના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, જમાતે સુલેમાન ટ્રસ્ટી શ્રી અનસાર એ. સુલેમાન અને અકસ્માત નિવારણ કેન્દ્રના પ્રમુખ શ્રી રાજુભાઈ ઠકકરની વચ્ચે થયેલ કરારની નકલના પત્રની નકલ, અરજદારે તા.૮–૭–૧૦ ના રોજ આપેલ આવેદનપત્રની નકલ, અરજદારનો તા.૨–૭–૦૯ ના પત્રની નકલ, અરજદારનો તા.૫–૩–૧૦ ના પત્રની નકલ, ટેના નં.૪૧૩ડી–૨૪–૭૦૦૦–૦–૦૦૧ ના વેરાબીલની નકલ, અપીલ નં.૩૦૨/૦૮–૦૯ ના હુકમની નકલ, જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી અરજદારને આપેલ માહિતી અંગેના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૪૫૦૦ ૨૧–૩–૦૯ ના પત્રની નકલ, નોંધ વિભાગ, અનસાર એ. સુલેમાનીએ લંબાયતઝોનને લખેલ પત્રની નકલ, લીંબાયતઝોને પાઠવેલ પત્ર નં.સા.ઈ.ઝોન/ટેક./૬૦૪૭ તા.૨૨–૩–૧૦ ના પત્રની નકલ, અનસાર સુલેમાનીએ લીંબાયતઝોનને પાઠવેલ પત્ર તા.૨૦–૮–૧૦ ના પત્રની નકલ, જમાતે સુલેમાન અને સુરત મહાનગરપાલિકા વચ્ચે થયેલ પક્ષકારો વચ્ચેનું થયેલ સમાધાન તા.૧૦–૧૧–૮૦ ના પત્રની નકલ, ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનને તબદીલ કર્યા અંગેના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૩૪૯ તા.૧૬–૧૧–૧૦ ના પત્રની નકલ , જાહેર માહિતી અધિકારી (પીએન્ડડી) તરફથી અરજદારને આપેલી માહિતી અંગેના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૩૫૬ તા.૧૯–૧૧–૧૦ ના પત્રની નકલતથા ટીપીડી/આરટીઆઈ/આ.ં.નં.૩૭૧ તા.૨૯–૧૧–૧૦ ના પત્રની નકલ, સુરત મહાનગરપાલિકાના સા.સ.ઠ. નં.૮૨૦ તા.૪–૧૦–૦૫ ના પત્રની નકલ, કમિ.શ્રીએ સેક્રેટરીને તા.૨૦–૧૨–૭૯ ના રોજ કરેલ દરખાસ્તની નકલ તથા સા.સ.ઠ નં.૧૧૫૭ તા.૨૮–૧૨–૭૯ નાઠરાવની નકલ અત્રેના વિભાગને પૂરક વિગતોમાં મળ ેલ છે. જાહેર માહિતી અધિકારી રેકર્ડ તરફથી પત્ર નં.આર.કે/૩૯૪ તા.૨૯–૧–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારે તા.૧૨–૧–૧૧ ના રોજ ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારીને કરેલ અરજીની નકલ તથા નગર નિયોજક તરફથી સેકશન ઓફિસર રેકર્ડને તબદીલ કર્યા અંગેના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૩૪૪ તા.૧૨–૧૧–૧૦ ના પત્રની નકલ, સેન્ટ્રલઝોન તરફથી તા.૧–૧૧–૧૦ ના રોજ તબદીલ થયેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.આર.કે/આ.નં.૨૮૬ તા.૨૪–૧૧–૧૦ ના પત્રની નકલ, સા.સ.ઠ. નં.૧૧૫૭ તા.૨૮–૧૨–૭૯ ના ઠરાવની નકલ, અરજદારે તા.૨૪–૧૧–૧૦ ના રોજ ભરેલ રૂા.૨/– ની રસીદ નં.૪૮૦ની નકલ રજૂ કરેલ છે. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી સુનાવણી વખતે પૂરક વિગતોમાં પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૩૮૯૮ તા.૯–૨–૧૧ ના પત્રની નકલ, તથા સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૪૫૦૪

તા.૨૧–૩–૦૯ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જાહેર માહિતી અધિકારી વર્કશોપ તરફથી પત્ર નં.ઓટો વર્કશોપ/આ.નં.૭૨૨ તા.૧૬–૧૧–૧૦ ના પત્રની નકલ મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પણ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૩૦–૧૦–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળ માહિતી માંગતી અરજી પાના નંગ–૬ ની મુદ્દા નં.૧ થી ૧૩ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૦૯૪ તા. ૧–૧૧–૧૦ થી કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોન તથા વરાછાઝોન તેમજ ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરવામાં આવેલ. ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી પત્ર નં.ટીપીડી/ ૩૪૩ તા.૧૨–૧૧–૧૦ થી કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોનને તબદીલ કરવામાં આવેલ જેની સાથે માહિતી પણ પૂરી પાડવામાં આવેલ છે. જેમાં અરજીના મુદ્દા નં.૫ ની આંશિક માહિતી અંગે ટીપીડી/આ.નં.૧૩૨૯ તા.૧૦–૬–૧૦ તથા ટીપીડી/આ.નં.૨૯૧૩ તા.૨૩–૮–૧૦ ના પત્રથી પૂર્તતા કરવા જણાવેલ છે. પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/આ.નં.૩૪૪ તા.૧૨–૧૧–૧૦ થી સેકશન ઓફિસર રેકર્ડને તબદીલ કરવામાં આવેલ જેની સાથે માહિતી પણ પૂરી પાડવામાં આવેલ છે. જેમાં અરજીના મુદ્દા નં.૫ ની આંશિક માહિતી અંગે ટીપીડી/આ.નં.૧૩૨૯ તા.૧૦–૬–૧૦ તથા ટીપીડી/આ.નં.૨૯૧૩ તા.૨૩–૮–૧૦ ના પત્રથી પૂર્તતા કરવા જણાવેલ છે. પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/૩૪૫ તા.૧૨–૧૧–૧૦ થી થી ટાઉન પ્લાનરશ્રી (એ) ને ટીપીડી/ આરટીઆઈ/૩૪૬ તા.૧૨–૧૧–૧૦ થી ડે.ઈજનેર વર્કશોપ અને પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ.નં.૩૪૭ તા.૧૨–૧૧–૧૦ થી શહેર વિકાસ અધિકારીને તબદીલ કરવામાં આવેલ છે જેની સાથે માહિતી પણ પૂરી પાડવામાં આવેલ છે. જેમાં અરજીના મુદ્દા નં.૫ ની આંશિક માહિતી અંગે ટીપીડી/આ.નં. ૧૩૨૯ તા.૧૦–૬–૧૦ તથા ટીપીડી/આ.નં.૨૯૧૩ તા.૨૩–૮–૧૦ ના પત્રથી પૂર્તતા કરવા જણાવેલ છે. પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/આ.નં.૩૪૯ તા.૧૬–૧૧–૧૦ થી કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૩૩૬ તા.૨૩–૧૨–૧૦ થી મુદ્દા નં.૧ થી ૧૩ ની માહિતી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી રેકર્ડ તરફથી પત્ર નં.આર.કે./૨૮૬ તા.૨૪–૧૧–૧૦ થી મુદ્દા નં.૧૩ ની માહિતી જાહેર માહિતી અધિકારી વર્કશોપ તરફથી મુદ્દા નં.૧ ની આંશિક માહિતી વર્કશોપ/આરટીઆઈ/જાવક/૨૮ તા.૧૬–૧૧–૧૦ થી આપવામાં આવેલ છે. તથા વર્કશોપ/૭૨૨ તા.૧૬–૧૧–૧૦ થી માહિતી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી ટાઉન પલાનીંગ વિભાગ તરફથી પત્ર નં.ટીપીડી/૩૫૬ તા.૧૯–૧૧–૧૦ થી પાર્કીંગ કોન્ટ્રાકટની વિગતો આપવામાં આવેલ છે. ટીપીડી/૩૭૧ તા.૨૯–૧૧–૧૦ થી મુદ્દા નં.૧૦ ની માહિતી આપવામાં આવેલ છે. જેમાં અરજદારે તા.૮–૭–૧૦ ના રોજ આપેલ આવેદનપત્ર બાબતે ટીપી સ્કીમ નં.૮ ફા.પ્લોટ નં.૧૫૩ વાળી જમીન ઉપર બાંધકામવાળી દિવાલો તેમજ ફેન્સીંગવાળી જમીન ઉપર કોઈ પણ જાતની નોટીસ અને મૌખિક જાણ કર્યા વગર લીંબાયતઝોન ધ્વારા બુલડોઝર ફેરવી અરજીમાં જણાવેલ ફરીયાદ બાબતેની માહિતીના મુદ્દા નં.(૧) તા.૮–૭–૧૦ ના રોજ રઘુકુળ માર્કેટની સામે તેમજ અનુપમ માર્કેટની સામે લીંબાયતઝોન તરફથી ડીમોલીશન માટે આવેલ બુલડોઝરનો નં.જી.જે.–૫ સી.ઈ.૬૦૨૧ હતો તે બુલડોઝરની આર.સી બુકની નકલ તેમજ જી.જે. –૫ સી.ઈ.૬૦૨૧ બુલડોઝર ચલાવનાર ડ્રાઈવરનું નામ સરનામું તેમજ તેના ડ્રાઈવીંગ લાયસન્સની ઝેરોક્ષ કોપી આપવી. વધુમાં આ બુલડોઝર કોના ઓર્ડરથી સ્થળ ઉપર આપેલ તે અધિકારીનો હોદ્દો, નામ, સરનામું, ની નકલ આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વર્કશોપ તરફથી પત્ર નં.ઓટો વર્કશોપ/આ.નં.૭૨૨ તા.૧૬–૧૧–૧૦ થી બુલડોઝરના માલિકનું નામ તથા સરનામું કમિશ્નર સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત જણાવેલ છે. આર.સી.બુકની નકલ બાબતે પ્રતિ નકલ દીઠરૂ.૨/– ભર્યેથી મ્યુ./વર્કશોપ માર્કેટ નજીક ઉમરવાડા સુરત ખાતેથી મળી શકશે તેવું જણાવેલ છે. બુલડોઝર ચલાવનાર ડ્રાયવરનું નામ, સરનામું અને ડ્રાઈવીગં લાયસન્સ અંગે જેના અધિકાર ક્ષેત્રમાં આવે છે તેને તબદીલ કરવામાં આવી છે જે બાબતે સંબધિત સક્ષમ સત્તા મંડળનો સંપર્ક સાધવા વિનંતી. કોના ઓર્ડરથી તે બાબતે પણ તબદીલ કરવામાં આવેલ છે. આ વર્કશોપ તરફથી મુદ્દા નં.૧ ની અંશતઃ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. વધુમાં પત્ર નં.વર્કશોપ/આરટીઆઈ/જાવક/૨૮ તા.૧૬–૧૧–૧૦ થી વાહન નં.જીજે–૫/સીઈ–૬૦૨૧ ની આર.સી. બુકની નકલ પ્રતિ નકલ દીઠ રૂા.૨/– ભર્યેથી મ્યુ. વર્કશોણ બોમ્બે માર્કેટ નજીક ઉમરવાડા ,સુરત ખાતેથી મળી શકશે તેવું જણાવેલ છે. બાકીના અંશતઃ મુદ્દા અંગે કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોનને તબદીલ કરવામાં આવેલ છે. જે બાબતે લીંબાયતઝોને પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૩૩૬ તા.૨૩–૧૨–૧૦ થી મુદ્દા નં.૧ બાબતે લાગુ પડતું નથી તેવું જણાવેલ છે. પરંતુ ડ્રાઈવરનું નામ, સરનામું, તથા લાયસન્સની નકલ પૂરી પાડેલ નથી. મુદ્દા નં.(૨) રઘુકુળ માર્કેટની સામે આવેલી આ જમીનમાં અગાઉ સુરત મહાનગરપાલિકા તરફથી અમારી જમીનમાં ગેરકાયદેસર પે–એન્ડ યુઝના નામે બાંધકામ કરવામાં આવેલુ તેજ બાંધકામવાળી જગ્યામાં જે દિવાલો તોડી પાડવામાં આવી તે તોડાવવાનું કારણ શું? બાંધકામવાળી દિવાલ તોડવા લીંબાયતઝોન તરફથી કોઈ નોટીસ ઈસ્યુ કરવામાં આવેલી કે નહીં? અને નોટીસ વગર મનસ્વીપણે જાહેર ચેતવણીનો ભંગ કરી જમીન ઉપર ગેરકાયદેસર પ્રવેશ કરનારા તમામ અધિકારીઓનો હોદ્દો અને નામ સરનામા ઉપરાંત બેલદારો વગેરેના નામ સરનામા આપવા અને તેઓને આ ડીમોલીશન માટે કયા અધિકારીએ ઓર્ડર કરેલો અને તે ઓર્ડર કરવા પાછળનું કારણ શું હતું? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી ટીપી સ્કીમ નં.૮ ઉમરવાડા ફા. પ્લોટ નં.૧૫૩ સુરત મહાનગરપાલિકાના પ્લોટ ઉપર તમો ધ્વારા શરૂ કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામને લીંબાયતઝોન કચેરીએથી દુર કરવામાં આવેલ છે એવું જણાવેલ છે. મુદ્દા નં.૩ સ્થળ ઉપર જાહેર ચેતવણીના બોર્ડ મુકેલા તેમાં જણાવેલ મોબાઈલ નંબરો ૯૮૨૪૧ ૯૮૫૪૯/ ૯૮૨૪૩ ૯૮૫૪૯ ઉપર કોઈ

અધિકારીએ મોબાઈલ કરીને જાણ કરેલી કે નહીં અને નહીં કરી તો તેનું કારણ શું? અને આ ચેતવણીના બોર્ડો સ્થળ ઉપર હતા કે નહીં તેની જાણ કરવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી આપવા જોગ માહિતીની વ્યાખ્યામાં સમાવિષ્ટ થતો નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.૪ સ્થળ ઉપર રૂબરૂ માહિતીમાં અનુપમ માર્કેટની સામે ફેન્સીંગ તોડવાની સુચના આપનાર શ્રી એન. એમ. પટેલ લીંબાયતઝોનના ડે. એન્જી. ફોટામાં જે વ્યકિત છે તે એન. એમ. પટેલ છે. બીજુ કોઈ અધિકારી હોવાનું જણાવેલ તો આ એન. એમ. પટેલ સાહેબે કોની સૂચનાથી આ ફેન્સીંગની થાંભલીઓ તોડી પાડી ફેન્સીંગ કોઈ બાંધકામની વ્યાખ્યામાં આવતું નથી જયારે ખુદ સુરત મહાનગરપાલિકા તરફથી ગુજરાતમિત્ર જાહેર અખબારમાં તા.૨૬–૭–૧૦ ને સોમવારના રોજ પાના નં.૨ ઉપર સુરત મહાનગરપાલિકા– ખાનગી– ખુલ્લા પ્લોટ, ખુલ્લી જગ્યાના માલિકો જોગ જાહેર નોટીસમાં પોઈન્ટ નંબરઃ ૪ માં એવું જણાવેલ છે કે આવી જગ્યામાં કચરો એકત્રિત ન થાય અને ગંદકી ન થાય તે માટે ખુલ્લા પ્લોટ જગ્યાની ફરતે કંપાઉન્ડ વોલ બનાવવી. જયારે આ નિયમના પાલન કરવાના શુભ ઈરાદાથી જમીન ઉપર ફેન્સીંગ એટલા માટે બનાવેલ કે રોજ સવારમાં આજુબાજુના ઝુંપડપટ્ટીના રહીશો જાહેરમાં શૌચાલય કરતા હતા તે ગંદકી ન થાય અને અમારી જમીનમાં અન્ય કોઈ અસામાજીક ઈસમો કબ્જો જમાવી ન દે તે માટે પ્રોટેકશન સુરક્ષા ખાતર ફેન્સીંગ કરેલું જો તે યોગ્ય નલાગતું હતુ તો હમોને નોટીસ આપી ખુલાસો માંગવો જોઈતો હતો ખુદ ઓર્ડર કરવામાં આવે અને નિયમોનું પાલન કરનારાની ખાનગી જમીનમાં ખુદ સુરત મહાનગરપાલિકાના ના મનસ્વી વહીવટ કરનારા અધિકારી સામે ખાતાકીય તપાસના રીપોર્ટની નકલ આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી સુરત મહાનગરપાલિકાની માલીકીના ખુલ્લા પ્લોટમાં તમારા ધ્વારા કરવામાં આવેલ ગેરકાયદેસરનું દબાણ લીંબાયતઝોન કચેરીએથી દુર કરવામાં આવેલ છે તેવું જણાવેલ છે. મુદ્દા નં.૫ તા.૫–૩–૧૦ ના રોજ સુરત મહાનગરપાલિકાના જુદા જુદા પાંચ ખાતામાં અરજી કરેલ તે અરજીના સહી સિકકાવાળી નકલ આ સાથે સામેલ છે જે અરજીમાં માંગેલી તમામ હકીકત અંગે પાંચે ખાતા તરફથી કેવા પગલા ભરવામાં આવ્યા તેની માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ મુજબ માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી લીંબાયતઝોન વિભાગના ઉપલબ્ધ રેકર્ડ મુજબ પ્રશ્નવાળી જગ્યાની માલીકી સુરત મહાનગરપાલિકાની હોય ઝોન કચેરીએથી તમારી સંલગ્ન અરજીમાં જણાવેલ વિગતે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.વધુમાં જાહેર માહિતી અધિકારીએ ટીપીડી/આ.નં.આરટીઆઈ/૩૪૩ થી ૩૪૭ તા.૧૨–૧૧–૧૦ થી જુદા જુદા જાહેર માહિતી અધિકારીઓને અરજદારની જાણ હેઠળ તબદીલ કરેલ. તેની સાથે અરજદારને મુદ્દા નં.૫ ની આંશિક માહિતી અન્વયે અરજદારને ટીપીડી/આ.નં.૧૩૨૯ તા.૧૦–૬–૧૦ ના પત્રની નકલ સામેલ છે. જે પત્ર ધ્વારા સુલેમાની ટ્રસ્ટ કક્ષાએથી પૂર્તતા માંગેલ તેની વિગત જણાવેલ છે. જે અનુસાર સ્થાયી સમિતિના ઠરાવ અન્વયે સુરત મહાનગરપાલિકાએ આગળની કાર્યવાહી હાથ ધરી કરાર કરેલ હોય તો તેની નકલ મોકલી આપવી. (૨) સુરત મહાનગરપાલિકાએ જમીનનો કબ્જો સુપ્રત કરેલ હોય તો તેની કબ્જા રસીદ (૩) સ્થાયી સમિતિના ઠરાવ નં.૧૧૫૭ તા.૨૮–૧૨–૧૯૭૯ માં ઉલ્લેખ થયેલ શરતોની વિગતો. જમાતે સુલેમાની ટ્રસ્ટ આ જમીનના કાયદેસર કબ્જેદાર હોવા બાબતે તથા તેઓને આ જમીન અન્યને ટ્રાન્સફર કરવા બાબતે હક છે કે કેમ? ઉપરોકત તમામ વિગતો સાથે જમીનના હકો અન્વયે સ્પષ્ટતા કરવી જરૂરી છે જેની નોંધ લેશો તેવું જણાવેલ છે. (૪) તથા ટીપીડી/આ.નં.૨૯૧૩ તા.૨૩–૮–૧૦ ના પત્રથી ટીપી સ્કીમ નં.૮(ઉમરવાડા) ફા.પ્લોટ નં.૧૫૩ પૈકી વાળી જગ્યા અંગે સુરત મહાનગરપાલિકા ધ્વારા કોઈ ઓર્ડર કરેલ હોય અથવા સુરત મહાનગરપાલિકા સાથે કોઈ એગ્રીમેન્ટ થયેલ હોય તો તેની નકલ ટાઉન પ્લાનીંગ ખાતામાં જમા કરાવવી જરૂરી છે. તેવું જણાવેલ છે. પરંતુ ટ્રસ્ટ તરફથી પૂર્તતા થયેલ નથી તેવું જણાવેલ છે. ત્યાર બાદ ટીપીડી/આ.નં.૪૪૮૪ તા.૨૮–૧૦–૧૦ થી ટીપી સ્કીમ નં.૮(ઉમરવાડા) ફા.પ્લોટ નં.૧૫૩ પૈકી વાળી જગ્યા અંગે સુરત મહાનગરપાલિકા ધ્વારા કોઈ ઓર્ડર કરેલ હોય અથવા સુરત મહાનગરપાલિકા સાથે કોઈ એગ્રીમેન્ટ થયેલ હોય તો તેની નકલ ટાઉન પ્લાનીંગ ખાતામાં જમા કરાવવી જરૂરી છે. જેની નોંધ લેવા વિનંતી છે. તેવો પત્ર પણ સુલેમાની ટ્રસ્ટને પાઠવ્યાનું જાહેર માહિતી અધિકારી ટીપી ધ્વારા જણાવેલ છે. મુદ્દા નં.૬ ખાસ નોટીસ નં.૦૦૩૯૩ ની નકલ આ સાથે સામેલ છે જેનો અમલ કરવા માટે જે અધિકારીએ રીપોર્ટ કરેલ તેના નામ હોદ્દા અને વધુમાં તે એસેસમેન્ટ ઓર્ડર અધૂરો હોય તે પૂરો કરવામાં આવ્યો છે કે નહીં તેની માહિતી આપવી. વેરાબીલ અને ખાસ નોટીસની નકલ આ સાથે સામેલ છે જે વેરાબીલ કયા ડોકયુમેન્ટથી પાસ કરવામાં આવ્યુ તેની માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીલીંબાયત તરફથી ઉપરોકત વિષયવાળી અરજીથી માંગેલ માહિતી અન્વયે જણાવવાનું કે " અરજીમાં જણાવેલ આકારણી બાબતના મુદ્દા નં.૬ ની માંગેલ માહિતી સંદર્ભે આકારણી વિભાગના ઉપલબ્ધ રેકર્ડ મુજબ દફતરી હકીકતલક્ષી માહિતી એવી છે કે મુળ અરજીના પત્ર નં.૫૨ તા.૪–૮–૦૯ મુજબ ઝોનના એઆરઓશ્રીની મંજુરીથી તા.૧–૪–૭૯ થી દાખલ કરેલ છે. ત્યાર બાદ સીટી ઈજનેરશ્રીના તા.૧૮–૧–૧૦ ના શેરા અન્વયે હાલમાં પેન્ડીંગ રાખવા જણાવેલ હોઈ પેન્ડીંગ છે. તેવું જણાવેલ છે. (૭) તા.૧૯–૭–૦૯ ના રોજ ડે.કમિ. અને માહિતી અધિકારી અપીલ સુનાવણીના ઈ.ચા. શ્રી મહેશસીંગ સહી સિકકા સાથેની હુકમની નકલ આ સાથે સામેલ છે જે હુકમના અમલ માટે કોઈ કાર્યવાહી કરવામાં આવી છે કે નહીં અને આ હુકમની કાર્યવાહી જે અધિકારી સામાવાળા ડે.કમિ. (હે અને હો) અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) સામે ખાતાકીય તપાસ કરી યોગ્ય પગલા ભરવા અને સત્વરે અપીલ અરજી નં.૩૦૨ તા.૧૯–૧–૧૦ ના હુકમનો અમલ કરવો જે અંગે તા.૧૭–૨–૦૯ ના રોજ અપીલ સુનાવણી વખતે લીંબાયતઝોનના યોગેશ પટેલ હાજર રહેવા તેઓ સામે ખોટી જાહેર માહિતી આપવા બદલ કાયદેસર પગલા ભરવામાં આવ્યા છે કે નહીં અને પગલા નહીં ભર્યા હોય તો જાહેર માહિતી ખોટી આપવા બદલ દંડ કરી યોગ્ય માહિતી આપવી. ડે. કમિ. મહેશસિંઘ સાહેબની અપીલ સુનાવણીના જવાબની હુકમની નકલ રાજુભાઈ સી. ઠકકરનાઓએ આ સાથે સામેલ કરી છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી અધિકારીશ્રીના હુકમ અન્વયે ઝોન કચેરીએથી કરવામાં આવેલ કાર્યવાહીના તા.૨૬–૨–૦૯ ના પત્રની નકલ તમને આગળ આપવામાં આવેલ છે તેવું જણાવેલ છે. મુદ્દા નં.૮ તા.૭–૫–૧૦ ના રોજ એક પત્ર કાર્યપાલક ઈજનેરશ્રી સાઉથ ઈસ્ટ ઝોન

(લીંબાયતઝોન) સુરત મહાનગરપાલિકા (શિવાજીનગર) લીંબાયત, સુરત તરફે મોકલાવેલ અરજીની નકલ આ સાથે સામેલ છે. જેમાં જણાવેલ છે કે તા.૫–૩–૧૦ ના રોજ મ્યુ. કમિ.શ્રી. શહેર વિકાસ ખાતુ સેન્ટ્રલઝોન ટાઉન પ્લાનીંગ ખાતુ તથા કાર્યપાલક ઈજનેરશ્રી લીંબાયતઝોન તથા એસેસમેન્ટ રીકવરી ખાતાને લેખિતમાં જાણ કરવામાં આવેલ હતી કે ટીપી સ્કીમ નં.૮ ફા.પ્લોટ નં.૧૫૩ વાળી જમીન અનુપમ માર્કેટ સામેના ખાડીના કિનારે વાળી જમીન ઉપર આશરે ૫૦ થાંભલીઓ ઉભી કરી ફેન્સીંગ કરી દીધું છે જે વાતને પાંચ મહીના પછી આ ફેન્સીંગ તોડી પાડવાનું કારણ શું અને તે અંગે કોઈ પત્ર વ્યવહાર કર્યો હોય તો તે અંગેનો રીપોર્ટ આપવો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઝોન કચેરીના પત્ર નં.૬૦૪૭ તા.૨૨–૩–૧૦ થી સદરહુ પ્રશ્નવાળી મિલ્કતમાં કોઈ પણ પ્રકારનું અમલીકરણ ન કરવા જણાવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૯ કાર્યપાલક ઈજનેર તરફથી તા.૨૨–૩–૧૦ ના પત્ર ક્રમાંક નં સા.ઈ.ઝોન/ટેક/૬૦૪૭ નો ગેરકાયદેસર પત્રનો અમલ ન કરવા દાદ માંગી તો પત્રના અનુસંધાનમાં કોર્ટનો હુકમ અને સ્થાયી. સ. ઠરાવોની નકલો જરૂર પૂરતા પુરાવા મોકલી આપવા છતાં ઉપરોકત ડીમોલીશન કરવામાં કારણ શું છે જે માહિતી અધિકારી નિયમ–૨૦૦૫ મુજબ માહિતી મ્યુ. કમિ.શ્રીના સહી સિકકાવાળી નકલ આપવી. . તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદરહુ બાબતે મુદ્દા નં.૨ તથા ૪ માં જણાવવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૧૦) ટીપી સ્કીમ નં.૮ ફા.પ્લોટ ૧૫૩ ઉપર જે હાલમાં બાંધકામ મૌજુદ છે તે બાંધકામ ખુદ સેન્ટ્રલઝોનના ટાઉન પ્લાનીંગ ખાતાના શ્રી ગઢવી સાહેબ ધ્વારા જાહેરાત માટે શાહ પબ્લીકસીટી મારફતે શરતચૂકથી થયેલ બાંધકામ અધૂરૂ મુકવુ પડેલુ જે બાંધકામ ઉપર શાહ પબ્લીકસીટી નું બોર્ડ પરવાનગી વગર મુકવામાં આવેલુ તે પણ મોજે મૌજુદ છે તે તકલાદી સ્લેબ નીચે પ્રોટેકશન વોલ લીધેલી જે ફરી બનાવવા હમોએ હવે કઈ અને કેવી રીતની કાર્યવાહી કરવાની રહેશે તે જણાવવું. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદરહુ બાબતે મુદ્દા નં.૨ તથા ૪ માં જણાવવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી ડે.કમિ.(પીએન્ડડી) તરફથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ.નં.૩૫૬ તા.૧૯–૧૧–૧૦ થી અરજીથી માંગેલ વિગતવાર અન્વયે આંશિક માહિતી માટે ટીપી સ્કીમ નં.૮ ઉમરવાડા ફા.પ્લોટ નં.૧૫૩ પૈકી ૧૫૦૦ ચો.મી. જમીનનો પાર્કીંગ કોન્ટ્રાકટ આપવામાં આવેલ છે. તથા પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ.નં.૩૭૧ તા.૨૯–૧૧–૧૦ થી કોઈ પણ બાંધકામ કરવા અગર હયાત બાંધકામનું રીપેરીંગ કરવા /દિવાલ બાંધવા,સ્લેબ કરવા વિગેરે જેવા સિવિલ કામ માટે જે તે સબંધિત ઝોનની કચેરીમાં અરજી કરવાથી માહિતી મળી શકશે તેવું જણાવેલ છે. વધુમાં જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં સદરહુ મહાનગરપાલિકાની નિયત કરેલ જગ્યામાં આવેલ પે એન્ડ પાર્ક સા.સ.ઠ. નં.૮૨૦ તા.૨૯–૯–૦૫ થી નિયત કરેલ છે. જે મુજબ ટાઉન પ્લાનીંગ ખાતા તરફથી ખાનગી ઈજારાદારને પે અન્ડ પાર્કના ઈજારાની ફાળવણી કરવામાં આવે છે. પે એન્ડ પાર્ક તેના ક્ષેત્રફળ સહિતનો નકશો વિગરે માહિતી સામેલ છે એવું જણાવેલ છે. મુદ્દા નં.૧૧ અનુપમ માર્કેટ સામે ટીપી સ્કીમ નં.૮ ફાઈનલ પ્લોટ નં.૧૫૩ વાળી જમીન ઉપરનું ફેન્સીંગની થાંભલીઓ તોડી પાડી છે તે ફરીથી ઉભી કરવા અમારી કેવી અને કઈ રીતની કાર્યવાહી કરવાની રહેશે. વધુમાં જે રૂા.૫૦હજારનું નુકશાન થયેલ છે તે સુરત મહાનગરપાલિકા ભરપાઈ કરી આપવા માંગે છે કે નહીં તેની પણ માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી સદરહુ બાબતે મુદ્દા નં.૨ તથા ૪ માં જણાવવામાં આવેલ છે.તેવું જણાવેલ છે.મુદ્દા નં.૧૨ સાઉથઝોન લીંબાયતઝોન ઓએ અનુપમ માર્કેટની સામે અમારી જમીનમાં ગેરકાયદેસર રીતે પે એન્ડ યુઝનું બાંધકામ શરૂ કરી દીધેલું તે પણ અમોએ અટકાવી દીધેલું. કહેવત છે કે વાડ ચીભડા ગળે તો કોને ફરીયાદ કરવી. જયારે ખાનગી જમીનમાં સુરત મહાનગરપાલિકાએ તપાસ કર્યા વગર બાંધકામ કરવાનું કારણ શું? સુરત મહાનગરપાલિકાની જમીન હોય તો લોકો ઝુંપડા બાંધી દે છે જયારે અહીં ખાનગી જમીનમાં રખેવાળ માટે એક ઝુંપડું બાંધેલું છે જે રખેવાળ પોતાનો મૂર્તિ બનાવવાનો વ્યવસાય કરે છે જેમણે સાંઈબાબાની મુર્તિઓ બનાવેલી તે મૂર્તિઓ શહેર વિકાસના યોગેશ પટેલના હુકમથી મૂર્તિઓ આજે પણ દબાણ ખાતાના ગોડાઉનમાં લઈ જવાનું કારણ શું? તેની પણ માહિતી આપવી. તા.૨૦–૧૧–૦૮ ના રોજ કાર્યપાલક ઈજનેર શ્રી સુરત મહાનગરપાલિકા સાઉથઝોન લીંબાયતને શૌચાલય બનાવવા બાંધકામની મંજુરી માંગેલી જે પત્રની નકલ આ સાથે સામેલ છે જે પત્રનો આજ દિન સુધી કોઈ જવાબ આપેલ નથી તો તે અંગે આપશ્રી તરફથી જરૂરી ખુલાસો કરશોજી અને માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી સદરહુ બાબતે મુદ્દા નં.૨ તથા ૪ માં જણાવવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૧૩) સ્થા. સ. ઠ નં.૧૧૫૭ મંજુર તારીખ શુક્રવાર તા.૨૮–૧૨–૭૯ જે ઠરાવની નકલ આ સાથે સામેલ છે જે ઠરાવની હાલના મ્યુ. કમિ.શ્રી ની સહી સિકકાવાળી નકલ આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રેકર્ડ તરફથી પત્ર નં.આર.કે./આ.નં.૨૮૬ તા.૨૪–૧૧–૧૦ થી સ્થા. સ.ઠ. નં.૧૧૫૭ તા.૨૮–૧૨–૭૯ ના ઠરાવની નકલ નંગ–૧ ખર્ચ પેટે રૂા.૨/– ભરી મેળવી શકાશે જે અંગે અરજદારે તા.૨૪–૧૧–૧૦ ના રોજરૂા.૨/– રસીદ નં.૪૮૦ થી ભરપાઈ કરેલ છે અને નકલ મેળવેલ છે. જેના સંદર્ભે અરજદારે તા.૧૨–૧–૧૧ ના રોજ અપીલ અરજી કરી અપીલના મુદ્દા નં.૧ માં પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૩૩૬ તા.૨૩–૧૨–૧૦ થી ખોટી અને બિન પાયાદાર જવાબ વાળી માહિતી આપેલ છે તેવું જણાવેલ છે. મુદ્દા નં.૨ માં હજરત હાઝી શેખ પીર સુલેમાન હાજી બાવાની તખ્તી જે રીંગરોડ જુની સરદાર માર્કે પાસે આવેલ દરગાહની તખ્તી ઝેરોક્ષ અને તેના બદલામાં જે જમીન ઉમરવાડા ટીપી સ્કીમ ૮ ફા.પ્લોટ નં.૧૫૩ પૈકી રઘુકુળ માર્કેટ સામે જાહેર ચેતવણી બોર્ડ મારવામાં આવેલ છે તેની નકલ અને મુળ માલિક જમાતે સુલેમાન ટ્રસ્ટની નકલ સામેલ છે.મુદ્દા નં.(૩) સ્થા.સ.ઠ.નં.૧૧૫૭ તા.૨૦–૧૨–૬૯ થી જે જમીન લઈ લીધેલ તેની ૭/૧૨ ની નકલ મુદ્દા નં.(૪) ડીપીડી/ ૪૨૦૩ તા.૬–૭–૮૮ ના પત્રની નકલ . મુદ્દા નં.(૫) ઠરાવ નં.૧૧૫૭ ની નકલ મુદ્દા નં.(૬) ટીપીડીના તા.૧૬–૪–૦૯ ના નકશાની નકલ. (૭) તા.૩૦–૫–૦૯ નું

રીકવીઝેશન ફોર્મની નકલ. (૮) ૧૪,૩૨૯ ટ્રાન્સફર ફોર્મની નકલ. એ(૯) જમાતે સુલેમાની ટ્રસ્ટ બી/૨૯૫ ઓક. ૧૦૫૩ નું પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટની રસીદની નકલ (બી)(૯) અકલ્માત નિવારણકેન્દ્ર પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ/ઈ/૨૧૦૦ તા.૨૪–૧–૮૩ ની નકલ.(૧૦) જમાતે ઈસ્લામી ટ્રસ્ટે તા.૨૮–૬–૦૮ ના રોજ પોલીસ ઈન્સ્પેકટરને પાઠવેલ પત્ર . (૧૧) તા.૨૧–૬–૦૮ ના રોજ જમાતે સુલેમાન ટ્રસ્ટ અને અકસમાત નિવારણ કેન્દ્રના પ્રમુખ વચ્ચે થયેલ કરારની નકલ. (૧૨) ડો. સ્નેહલનું તથા જાહેર ચેતવણીના બોર્ડની ઝેરોક્ષ. (૧૩)જમાતે ઈસ્લામી ટ્રસ્ટે તા.૨૦–૧૧–૦૮ ના રોજ કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોનને પાઠવેલ પત્ર. (૧૪) તા.૨–૭–૦૯ ના રોજ અરજદારે લીંબાયતઝોનને પાઠવેલ પત્ર (૧૫) અરજદારે તા.૫–૩–૧૦ ના રોજ પાઠેવલ પત્ર. (૧૬) અરજદારે તા.૭–૫–૧૦ ના રોજ લીંબાયતઝોનને પાઠવેલ પત્રની નકલ. (૧૭) આરોગ્ય અધિકારી તરફથી ખાનગી ખુલ્લા પ્લોટ / ખુલ્લી જગ્યાના માલિક જોગ જાહેર નોટીસની દૈનિક પત્રની નકલ. (૧૮) અપીલ નં.૩૦૨/૦૮–૦૯ ના હુકમની નકલ. (૧૯) અરજદારે તા.૮–૭–૧૦ ના રોજ આપેલ આવેદન પત્રની નકલ. (૨૦) સ્થા.સ.ઠ.નં. ૧૧૫૭ તા.૨૮–૧૨–૭૯ ની નકલ. (૨૧) માહિતી અધિકાર હેઠળ ૧૧૫૭ ના ઠરાવની મેળવેલ નકલ. (૨૨) વર્કશોપ/આરટીઆઈ/જાવક નં.૨૬ તા.૧૬–૧૧–૧૦ ના પત્રની નકલ. (૨૩) ટીપીડી/આરટીઆઈ/૩૫૬ તા.૧૯–૧૧–૧૦ થી આપેલી માહિતી ખોટી છે જે અંગે અરજદારે અપીલ સુનાવણીની રજૂઆત કરેલ છે. (૨૪) સેન્ટ્રલઝોનની જમીન ઉપર કરેલ બાંધકામ જે અંગે માહિતી આપી છે તે ખરેખર સાચી છે. પરંતુ સદરહુ બાંધકામ ભવિષ્યમાં સુરત મહાનગરપાલિકા તરફથી કે શાહ પબ્લીસીટી તરફથી અડચણરૂપ ન થાય તેની સ્પષ્ટતા કરેલ નથી. તેવું જણાવેલ છે. (૨૫) બુલડોઝર નં.જી–જે–૫/સીઈ/૬૦૨૧ અંગે માંગેલ માહિતીના પત્ર જાહેર માહિતી અધિકારી વર્કશોપ બોમ્બે માર્કેટતરફથી પાઠવવામાં આવેલ છે. તેમાં બુલ ડોઝરની માલીકી મ્યુ.કમિ.ની જણાવેલ છે પરંતુ બુલ ડોઝર ચલાવનાર ડ્રાઈવરનું નામ અને સરનામં જણાવેલ નથી. કોના ઓર્ડરથી સ્થળ ઉપર આવેલ તે અધિકારીનું નામ અને સરનામું જણાવેલ નથી. (૨૬) જેમાં સદર મિલ્કતના લે આઉટ પ્લાન ૧૫૩ પૈકીની નકલ.(૨૭) બુલડોઝર નં.ફોટા નં.જી–જે–૫/સીઈ/૬૦૨૧ તથા તથા સુમપાના અધિકારી ગણ ફોટાની નકલ રજૂ કરેલ છે. ઉપરોકત અપીલમાં અરજદારે સુનાવણી રાખી સાચી માહિતી આપવા અને ખોટી માહિતી આપવા કાયદાકીય ભંગ બદલ કાર્યવાહી કરવા જવાબદાર અધિકારીઓ સામે સખત પગલા ભરવાની રજૂઆત કરેલ છે. જે બાબતે અત્રેથી આરટટીઆઈ સેલ/ ૧૧૮૭ તા.૧૮–૧–૧૧ થી જાહેર માહિતી અધિકારી તથા અરજદારને લીંબાયતઝોન તરફથી મળેલી માહિતી બાદ દફતરી તપાસણી કરેલ છે કે કેમ? અને તે પછી નારાજગી બાબતે વિગતો પૂરી પાડવા જણાવવામાં આવેલ પરંતુ તેઓ તરફથી કોઈ વિગતો રજૂ કરેલ નથી. અરજદારને માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારીઓ તરફથી પૂરી પાડવામાં આવેલ. જેમાં અરજદારે અપીલ અરજીમાં અપીલના મુદ્દા નં.૧ થી ૨૨, ૨૬ અને ૨૭ માં પુરાવાઓ રજૂ કરેલ છે તેની રજૂઆત કરેલ છે. જયારે અપીલના મુદ્દા નં.૨૪ માં સેન્ટ્રલઝોનના બાંધકામ બાબતે રજુઆત કરેલ છે. અરજદારની મુખ્ય તકરાર અરજીના મુદ્દા નં.૧ ની અપીલમાં મુદ્દા નં.૨૫ થી બુલડોઝર ડ્રાઈવરના નામ સરનામા તથા કોના ઓર્ડરથી બુલ ડોઝર આવ્યુ તેની હકીકત જણાવવામાં આવેલ નથી જે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પડાયેલ જણાતી નથી. અરજદારની અરજીના મુદ્દા નં.૧૦ બાબતે અપીલના મુદ્દા નં.૨૩ માં ૧૫૦૦ ચો.મી. પાર્કીગની કોન્ટ્રાકટની જે માહિતી ખોટી છે તેવી રજૂઆત કરેલ છે. જે અત્રે રજૂ કરેલ સા.સ.ઠરાવ નં.૮૨૦ તા.૨૯–૯–૦૫ થી પણ ૧૫૩ માટે પે એન્ડ પાર્ક માટે કોન્ટ્રાકટ અપાયાની ઠરાવ થયેલ છે. જે પાર્ટ પ્લાન ટીપી સ્કીમ નં.૮ ઉમવાડાના પે એન્ડ પાર્કના ટીપી નકશામાં પણ પણ પ્લોટ નં.૧૫૩ માં ૮,૫૧૪ ચો.મી. પૈકી ૧૫૦૦ ચો.મી. પે એન્ડ પાર્કમાં દર્શાવેલ છે. જે બાબતે અરજદારે કોઈ આધાર રજૂ કરેલ નથી. ત્યાર બાદ અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૪૭ તા.૨–૨–૧૧ ના રોજ પત્રથી તા.૯–૨–૧૧ ના રોજ ૪.૩૦ કલાકે સુનાવણી મુકરર કરવામાં આવેલ છે. જેમાં અરજદાર શ્રી રાજુભાઈ છોટાલાલ ઠકકર તથા તેમની સાથે સુલેમાન ટ્રસ્ટના એ.એ.સુલેમાની હાજર રહેલ. જયારે જાહેર માહિતી અધિકારી અને સીટી ઈજનેર (લીંબાયતઝોન), જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર (વર્કશોપ), મ. જાહેર માહિતી અધિકારી અને ટાઉન પ્લાનર–૨ તથા મ.જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. સેકશન ઓફિસર (રેકર્ડ) હાજર રહેલ. તેઓએ મુદ્દા નં.(૧) માં કોના હુકમથી બુલડોઝર આવ્યુ તેના નામ, સરનામું અને હોદ્દો ની વિગત મળેલ નથી. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટીપીના તા.૩–૫–૧૦ ના પત્રના અનુસંધાને આ કાર્યવાહી કરવામાં આવેલ છે તેની કોઈ લેખિતમાં કાર્યવાહી નથી ટીપીના પત્રના અનુસંધાને ઝોનલ અધિકારી લીંબાયતઝોન તરફથી મૌખિક હુકમ કરવામાં આવેલ. જયારે આરસી બુક બાબતે લીંબાયતઝોનને લાગુ પડતું નથી તેવું જણાવેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી વર્કશોપ તરફથી આરસી બુક આપવા સમય મર્યાદામાં પ્રસ્તાવ કરેલ છે પરંતુ તેઓએ મેળવેલ નથી. જે જાહેર માહિતી અધિકારીએ આપવાની તૈયારી દર્શાવેલ છે જે અરજદાર નિયત ફી ભરીને મેળવી શકે છે. મુદ્દા નં.(૨) અરજદારે તોડવાનું કારણ શું? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી તોડવાનું કારણ જગ્યા ખુલ્લી કરવાનું છે અને ગેરકાયદેસર દબાણ દુર કરવાનું જણાવેલ છે. મુદ્દા નં.૩ જાહેર ચેતવણી બોર્ડ અંગે કોઈ માહિતી આપવામાં આવેલ નથી? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી નોંધ વિભાગ અને પત્ર વ્યવહાર વિભાગમાં માહિતી ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૪) કર્મચારીની તપાસની રજૂઆત બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી ટીપીના પત્ર અનુસાર કાર્યપાલક ઈજનેરની મૌખિક સૂચનાથી ગયેલ હોવાથી તેવો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તેવું જણાવેલ. મુદ્દા નં.(૫) તા.૫–૩–૧૦ ની અરજીનો જવાબ આપેલ નથી જેમાં અરજદારે વિવાદ હેઠળની ટ્રસ્ટની જમીનની માપણી કરી અલગ નિશાની કરી આપવા રજૂઆત કરેલ. જે બાબતે અરજદારને નકલની માંગણી કરેલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી સદર બાબતે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી તેવો જવાબ આપેલ છે. જયારે ટાઉન પ્લાનીંગ તરફથી તા.૧૨–૧૧–૧૦ ના રોજ તબદીલ કરેલા પત્રો ટીપીડી/આરટીઆઈ/આ.નં.૩૪૩ થી ૩૪૭ થી અરજદારને પત્ર નં. ટીપીડી/આ.નં.૧૩૨૯

તા.૧૦–૬–૧૦ ના પત્રથી સ્થાયી સમિતિના ઠરાવ અન્વયે સુરત મહાનગરપાલિકાએ આગળની કાર્યવાહી હાથ ધરી કરાર કરેલ હોય તો તેની નકલ મોકલી આપવી. (૨) સુરત મહાનગરપાલિકાએ જમીનનો કબ્જો સુપ્રત કરેલ હોય તો તેની કબ્જા રસીદ (૩) સ્થાયી સમિતિના ઠરાવ નં.૧૧૫૭ તા.૨૮–૧૨–૧૯૭૯ માં ઉલ્લેખ થયેલ શરતોની વિગતો. જમાતે સુલેમાની ટ્રસ્ટ આ જમીનના કાયદેસર કબ્જેદાર હોવા બાબતે તથા તેઓને આ જમીન અન્યને ટ્રાન્સફર કરવા બાબતે હક છે કે કેમ? ઉપરોકત તમામ વિગતો સાથે જમીનના હકો અન્વયે સ્પષ્ટતા કરવી જરૂરી છે જેની નોંધ લેશો તેવું જણાવેલ છે. (૪) તથા ટીપીડી/આ.નં.૨૯૧૩ તા.૨૩–૮–૧૦ ના પત્રથી ટીપી સ્કીમ નં.૮(ઉમરવાડા) ફા.પ્લોટ નં.૧૫૩ પૈકી વાળી જગ્યા અંગે સુરત મહાનગરપાલિકા ધ્વારા કોઈ ઓર્ડર કરેલ હોય અથવા સુરત મહાનગરપાલિકા સાથે કોઈ એગ્રીમેન્ટ થયેલ હોય તો તેની નકલ ટાઉન પ્લાનીંગ ખાતામાં જમા કરાવવી જરૂરી છે. તેવું જણાવેલ છે. તથા તા.૨૩–૮–૧૦ ના પત્રની વિગતે પૂર્તતા કરવામાં આવેલ છે. જેમાં પત્ર નં.ટીપીડી/આ.નં.૨૯૧૩ તા.૨૩–૮–૧૦ થી ટીપી સ્કીમ નં.૮(ઉમરવાડા) ફા. પ્લોટ નં.૧૫૩ પૈકી વાળી જગ્યા અંગે સુરત મહાનગરપાલિકા ધ્વારા કોઈ ઓર્ડર કરેલ હોય અથવા સુરત મહાનગરપાલિકા સાથે કોઈ એગ્રીમેન્ટ થયેલ હોય તો તેની નકલ ટાઉન પ્લાનીંગ ખાતામાં જમા કરાવવી જરૂરી છે. તેવું જણાવેલ છે. જે પત્રની નકલો સુનાવણી વખતે રજૂ કરેલ છે. જે મુજબ તેઓએ સુલેમાન ટ્રસ્ટને ૧૫૩ વાળી જગ્યાએ કોઈ એગ્રીમેન્ટ થયેલ હોય તેની નકલ રજૂ કરવા પત્ર પાઠવેલ છે તથા અરજદારને તા.૨૩–૮–૧૦ ના પત્રની નકલ પુનઃ આપવામાં આવેલ છે. મુદ્દા નં.૬ અરજદારે તે અંગે કોઈ તકરાર નથી પરંતુ મારી અરજી ૩૯૩ ખાસ નોટીસ લખેલ છે જે ખરેખર ૩૫૩ ખાસ નોટીસ આપનાર અધિકારીનું નામ મળેલ નથી તેવું જણાવેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી મુદ્દા નં.૬ નો પ્રત્યુત્તર યોગ્ય રીતે પાઠવવામાં આવેલ છે. ખાસ નોટીસ નં.૩૫૩ ની વિગતો રેકર્ડ ઉપરથી આપવામાં આવશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૭ અરજદારે લીબાંયતઝોન તરફથી તા.૨૬–૨–૧૦ ની નકલ બતાવવામાં આવેલ છે તે વચગાળાનો જવાબ છે પરંતુ ત્યાર બાદ ટાઉન પ્લાનીંગના પત્ર નં.૨૯૧૩ તા.૨૩–૮–૧૦ થી સુલ ેમાન ટ્રસ્ટને સુરત મહાનગરપાલિકા તરફથી કોઈ ઓર્ડર કરેલ હોય તો અથવા એગ્રીમેન્ટની નકલ રજૂ કરવી તેવું જણાવેલ. જયારે આજ બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન ધ્વારા યોગેશ પટેલ ધ્વારા ખોટી માહિતી આપેલ ન હોઈ કાર્યવાહીનો પ્રશ્ન રહેતો નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૮ થી તા.૭–૫–૧૦ ના પત્રનું અમલ ન કરવાનું કારણ શું? જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આ અંગે તા.૨૨–૩–૧૦ ના પત્રથી કારણ જણાવવામાં આવેલ છે અને માહિતી અપાવવામાં આવેલ પત્રમાં પણ તેનો ઉલ્લેખ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પાઠવેલ પત્ર નં.સા.ઈ.ઝોન/ટેક./૬૦૪૭ નો ગેરકાયદેસર પત્રનો અમલ ન કરવા દાદ માંગી તો પત્રના અનુસંધાનમાં કોર્ટનો હુકમ અને સ્થાયી. સ. ઠરાવોની નકલો જરૂર પૂરતા પુરાવા મોકલી આપવા છતાં ઉપરોકત ડીમોલીશન કરવામાં કારણ શું છે જે માહિતી અધિકારી નિયમ–૨૦૦૫ મુજબ માહિતી મ્યુ. કમિ.શ્રીના સહી સિકકાવાળી નકલ આપવી. . તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદરહુ બાબતે મુદ્દા નં.૨ તથા ૪ માં જણાવવામાં આવેલ છે. તેવું જણાવેલ છે.મુદ્દા નં.૯ માં અરજદારે લીંબાયતઝોન તરફથી પત્ર પાઠવેલ તેની નકલ મળેલ નથી. તેવી રજૂઆત કરેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી લીબાયતઝોન તરફથી જે તે સમયે આપેલ છે તેમ છતાં અત્રે સુનાવણી વખતે પુનઃ આપીએ છીએ તેવું જણાવી નકલ સુનાવણી વખતે પૂરી પાડવામાં આવેલ છે. અરજદાર તરફથી મુદ્દા નં.૧૦ બાબતે ડે.કમિ.(પીએન્ડડી) તરફથી મળેલ જવાબ સંતોષકારક છે તે બાબતે વિવાદ નથી. તેવું જણાવેલ.મુદ્દા નં.૧૧ જેમાં અરજદારે ખુલાસાવાર જવાબ મળેલ નથી તેવી રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન ધ્વારા અરજદારની માહિતીના પ્રત્યુત્તર મુદ્દા નં.૨ અને ૪ માં સમાવિષ્ટ થાય છે તેવું જણાવેલ છે. તેમાં ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી પે એન્ડ પાર્ક માટે જગ્યા ખુલ્લી કરવાના સંદર્ભનો સમાવેશ થાય છે. તેથી માહિતી યોગ્ય રીતે આપી છે તેવું જણાવેલ છે. મુદ્દા નં.૧૨ માં તા.૨૦–૧૧ –૦૮ ના રોજ લીંબાયતઝોને પત્ર પાઠવેલતેનો જવાબ મળેલ નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જે મુદ્દા નં.૨ અને ૪ માં સમાવિષ્ટ થયેલ છે તેવું જણાવેલ છે. મુદ્દા નં.૧૩ માં ઠરાવની નકલ અને રજીસ્ટરની નકલ મળેલ હોય સંતોષકારક માહિતી મળેલ છે તેવું જણાવેલ. આ સિવાય અરજદારે નમુના –ક ના મુખ્ય પેજ પરની મુળ જમીન અને અરજદારની અન્ય વિગતની જે માહિતી માંગેલ છે તેનો જવાબ મળેલ નથી જે જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી તા.૨૩–૨–૦૮ નો પત્ર પાઠવેલ છે. પરંતુ અન્ય માહિતી માંગેલ તે આપેલ નથી તે રેકર્ડ જોઈને હશે તો પૂરી પાડવામાં આવશે તેવું જણાવેલ છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પાડવામાં આવેલ હોય તેવું જણાય છે. જેમાં અરજદાર મુદ્દા નં.૧ બાબતે જાહેર માહિતી અધિકારી વર્કશોપ તરફથી આરસીબુકની નકલ પૂરી પાડવા પ્રસ્તાવ કરેલ છે. જે બાબતે અરજદાર ઈચ્છુક હોય તો આરસીબુકની નકલ નિયત ફી ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. જયારે મુદ્દા નં.૬ અંગે આકારણી બાબતેની ખાસ નોટીસ નં.૩૫૩ ની રીપોર્ટ કરનારની વિગતો રેકર્ડ ઉપર હશે તો જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોને આપવાની તૈયારી દર્શાવેલ છે. જયારે અરજદારે મુળ અરજીની અન્ય વિગતમાં જણાવેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનર તરફથી માહિતી રેકર્ડ ઉપર હશે તો આપવાની તૈયારી દર્શાવેલ છે.

સમગ્ર હકીકતલ જોતાં અરજદારની મુખ્ય તકરાર ૧૫૩ પૈકી વાળી જમીનમાં સુલેમાન ટ્રસ્ટને ફાળવેલ જમીનની માપણી કરી અલગ નિશાની કરી આપવા બાબતની તથા સુલેમાન ટસ્ટની મુળ જમીન જે કબ્રસ્તાન ધરાવતી જમીન હતી તે કેટલા ચો.મી. હતી અને તે જમીન સુરત મહાનગરપાલિકાએ કેવી રીતે કબ્જે કરી તેની માહિતી મેળવવાની છે. સાથે અરજદારે સુલેમાની ટ્રસ્ટ નામની ખાસ નોટીસ આકારણીના હેતુ સારું લીંબાયત ઝોન તરફ ઈસ્યુ થયેલ તેમાં ઓછા માપ દર્શાવતી પણ રજૂઆત તા.૫–૩–૧૦ ની અરજીમાં કરેલ છે.

તમામ બાબતોનું ગુણદોષ પર વિશ્લેષણ કરતાં અરજદારની આકારણી માપની ગેરમાર્ગે દોરતા માપ હોવાની રજૂઆત બાબતે આકારણીના નિયમો અનુસાર જે તે સમયે દિન–૧૫ માં આકારણીના અપીલ અધિકારીને અપીલ કરેલ હોય તેવી કાર્યવાહીની તેવી કોઈ વિગતો અપીલ તબકકે રજૂ કરેલ નથી. તેથી માહિતીને સબંધ છે ત્યાં સુધી તે બાબતે આ તબકકે કોઈ કાર્યવાહી કરવા જોગ થાય નહીં. અરજદાર ધ્વારા ૧૫૩ પૈકી ૩૭૫૫ ચો.મી. જગ્યા તેઓની હોવા બાબતે સીટી સર્વે કે રેવન્યુ રેકર્ડના કોઈ આધાર રજૂ કરેલ નથી. તેમ છતાં જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ કક્ષાએથી હિતધારક હોવાનો દાવો કરતાં ટ્રસ્ટને તે બાબતે પૂરક દસ્તાવેજો રજૂ કરવા પત્રો પણ પાઠવેલ છે. પરંતુ અરજદારની મુખ્ય રજુઆત રીંગરોડ પર કબ્રસ્તાન વાળી જમીન કેટલા ચો.મી. હતી અને સુરત મહાનગરપાલિકાએ કેવી રીતે કબ્જે કરી તેની માહિતી જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી આપવામાં આવેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૦–૧૦–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી અરજીના મુખ્ય પેજ પરની માંગેલ માહિતી "રીંગરોડ પર કબ્રસ્તાનવાળી જમીન કેટલા ચો.મી. હતી અને સુરત મહાનગરપાલિકાએ તે કેવી રીતે કબ્જે કરી" તેની માહિતી આટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૧૦ માં પૂરી પાડવા ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ) ને તથા મુદ્દા નં.૧ બુલડોઝરના ડ્રાઈવરના નામ, સરનામાં અને લાયસન્સની નકલ માહિતી તેમજ મુદ્દા નં.૬ ખાસ નોટીસ નં.૩૫૩ નો રીપોર્ટ કરનાર અધિકારીના નામ, હોદ્દોની માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે.

અરજદારની ફેન્સીંગ કોના હુકમ અને કયા કારણસર તોડયું તે બાબતે ટાઉન પ્લાનીંગના પત્રથી પે એન્ડ પાર્ક માટેની જગ્યા ખુલ્લી કરવાનો સંદર્ભ કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોનની મૌખિક સૂચના ધ્યાને લેતાં આ મુદ્દા બાબતે ગેરમાર્ગે દોરતી માહિતી આપ્યાનું ફલિત થતું ન હોઈ અરજદારની તે મુદ્દા પરત્વેની અપીલ ગ્રાહય રાખવા પાત્ર ઠરતી નથી તેવી જ રીતે જમીનની માપણી કરવા બાબતની અરજદારની રજૂઆત અંગે જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ ધ્વારા હિતધારકનો દાવો કરતાં ટ્રસ્ટને પૂરક દસ્તાવેજો રજૂ કરવા કરેલ પત્ર વ્યવહારધ્યાને લેતાં તથા બાબત હેઠળની જમીનના હિતધારક હોવાનો દાવો કરતાં ટ્રસ્ટ તરફે સીટી સર્વે કે દસ્તાવેજ નોંધણી રજીસ્ટ્રાર કક્ષાના અધિકૃત સત્તાધિકારીના દસ્તાવેજોની અનુઉપસ્થિતિમાં તે મુદ્દા અંગે પણ અરજદારની અપીલ પ્રથમદર્શીય રીતે ગ્રાહય રાખવા પાત્ર ઠરતી નથી. મુદ્દા નં.(૧) પૈકીની આરસી બુકની નકલ બાબતે અરજદાર ઈચ્છુક હોય તો દિન–૭ માં નિયત ફી ભરપાઈ કરી વર્કશોપ ઉમરવાડા ખાતેથી મેળવવા સ્વતંત્ર છે.

( પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૧

પ્રતિ,

(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી(શહેર વિકાસ, ટાઉન પ્લાનીંગ) , ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (રેકર્ડ), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વર્કશોપ) ,જાણ તથા અમલ માટે .

(૨) શ્રી રાજુભાઈ છોટાલાલ ઠકકર